વાતનું વતેસર

સ્ત્રીશક્તિ ગ્રંથમાળા

૪૬

પ્રગટકર્તા
સ્ત્રી સાહિત્ય મંદિર
૧૮૦–કેળાપીઠ
સુરત

૦-૧-૦

આવૃત્તિ પહેલી
ઈ. સ. ૧૯૩૪
સંવત ૧૯૯૧

તમારી
સખીઓ
બહેનો
પુત્રીઓ
વહુઓ
સૌ કોઇને શ્રીશક્તિ
ગ્રંથમાળાનાં પુસ્તકોજ
ભેટ આપો.

શ્રી સાહિત્ય મંદિર
કેળાપીઠ, સુરત.

શ્રીશક્તિ મુદ્રણાલય, કેળાપીઠ, સુરતમાં ડૉ. ઇશ્વરલાલ એમ. વીમાવાળાએ છાપ્યું અને શ્રી સાહિત્ય મંદિર કેળાપીઠ સુરત તરફથી પ્રગટ કર્યું.

વાતનું વતેસર

(સંપૂર્ણ સ્ત્રી પાત્રોવાળું એકાંકી નાટક)

પ્રવેશ ૧ લો

સ્થળ: જાહેર રસ્તો.

સમય: સ્હવારનો.

પાત્રો: મંછી તથા સવિતા.

[મંછી છાશની દોણી લઇને જતી હોય છે ત્યાં સામેથી સવિતા આવે છે.]

સવિતા: કેમ મંછી! ક્યાં જઇ આવી?

મંછી: આ છાશ લેવા નીકળી હતી. પેલી ગંગીને ત્યાં તો થઇ રહી છે એટલે હવે ઠેઠ શિવકોરને ત્યાં લેવા જવું પડશે. શેઠને કઢી ખાવાનું મન થયું એટલે જવું જ પડે ને!

સવિતા: હાસ્તો. હવે તને તરલાને ત્યાં ફાવે છે ખરૂં ને?

મંછી: ફા–વે હવે, ઠી...ક.

સવિતા: કેમ એમ કહે છે? કામ બહુ સોંપે છે? આમ તો તરલા ભણેલી ગણેલી ને સમજુ છે, એટલે તારી પાસે ગજા ઉપરાંત કામ લે તેવી નથી.

મંછી: હવે ભાઇશાબ, જવા દોને વાત! અત્યારમાં

જ મોટો વાસણુનો ઢગલો ઊડકીને આવી! એમને ક્યાં હાથે વાસણુ માંજવાનાં હતાં તે સંભાળથી વાપરે? કંઇ પણ જોઇએ તો ફટ દઇને નવું વાસણ પાટીએથી ઉતારે અને તરત ચોકડીમાં મૂકી દે!

સવિતાઃ એમ? હું તો તેને બહુ સમજુ ધારતી હતી.

મંછીઃ (હાથનો લ્હેકો કરી) અરે, બહુ સમજુ છે તે જાણું છું? તમે સાંભળો ને તો છક થઈ જાવ કે આ ડુંગરા દૂરથીજ રળીઆમણા છે કે શું?

સવિતાઃ (આતુરતાથી) કેમ એમ? કપડાં પણ ખૂબ ધોવાનાં કાઢે છે?

મંછીઃ કપડાં તો એટલાં કે જાણે ધોબી ઘાટજ જોઇ લ્યો! પણ હું તો બીજીજ વાત કરતી હતી. હશે. પણ હવે જવા દોને એ વાતજ!

સવિતાઃ ના ના. કહે તો ખરી. શી વાત છે? કંઇ એવી ખાસ બાબત બની છે?

મંછીઃ તે વિના કંઇ અમસ્તીજ કહેતી હોઇશ? પણ હવે જવા દો એ. મારે શીદને કોઈની ખોદણી કરવી પડે?

સવિતાઃ એમાં તારે ક્યાં એની ખોદણી કરવાની છે? એ તો જે બન્યું હોય તે કહેવાનું. તેમાં ખોદણી શાની?

મંછીઃ ના,ના. વાતમાં માલ નથી.

સવિતાઃ મંછી, તારી આવી રીત મને પસંદ નથી. સીધી વાત કર.

મંછીઃ ત્યારે કહેવીજ પડશે, એમ?

સવિતાઃ હા.

મંછીઃ જુઓ ત્યારે, કોઈને કહેશો નહિ. આજ સવારની જ વાત છે. તરલા બહેન દાદરેથી નીચે આવતાં હશે અને સુમનલાલ નીચે દાદર પાસે ઉભા હશે. એ બે ધણી ધણીઆણી વચ્ચે પહેલાં શું બોલાચાલી થઈ તે તો બા, કોણ જાણે. પણ હું વાસણો મૂકવા બાજુના ઓરડામાં જતી હતી ત્યારે મારી તો નજર પડી. તરલા બહેને સુમનલાલને છુટ્ટી સાવરણી મારી અને કહ્યું કે "લેતો જા ! તું તો એજ દાવનો છે !"

સવિતાઃ શું કહે છે આ તું ?

મંછીઃ સાચી વાત. તમારા સમ, જો ખોટું કહેતી હોઉં તો !

સવિતાઃ પણ તેં નજરોનજર જોયું હતું ?

મંછીઃ હા હા, મારી સગી આંખે મેં જોયું અને સગા કાને સાંભળ્યું. મારે જુઠું બોલવાની શી જરૂર ?

સવિતાઃ આ તો અજબ જેવું કહેવાય !

મંછીઃ હું એજ કહું છુંને ! બહુ ભણેલાં બહુ ડહાપણ ડહોળો. પણ જોજો વાત જાય નહિ હોં, નહિ તો મારે ઘેર બેસવાનો વખત આવશે.

સવિતાઃ (જતાં જતાં) તે માટે તું બેફીકર રહેજે. જઉ છું ત્યારે. કોઇ કોઈ વાર આવતી રહેજે, મંછી !

મંછીઃ વા—રૂ.

[સવિતા જાય છે.]

ચાલ મારી બાઇ, ઝટપટ જવા દે. નહિ તો વળી

શેઠ પોતે આફીસ જવાનું મોડું કરશે ને વાંક મારો કાઢશે. નોકરી તે નોકરી. આનાં કરતાં જમરૂખની ફેરી સારી.

પ્રવેશ બીજો

સ્થળ: સવિતાનું મકાન.

સમય: બપોરનો.

પાત્રો: સવિતા અને કમળા.

[બપોરે પરવારીને સવિતા પોતાના દિવાનખાનામાં ભરત ભરતી બેઠી છે, ત્યાં કમળા પ્રવેશ કરે છે.]

કમળા: કેમ સવિતા! શું ભરવા માંડયું?

સવિતા: (ભરતાં ભરતાં ઉંચું જોઈ) ઓહો, કોણ કમળા? આવ, આવ.

[સવિતા ઉઠીને કમળા માટે શેતરંજી પાથરે છે.]

કમળા: રહેવા દેને! ચાલશે. આપણે કયાં મહેમાન છીએ?

સવિતા: તેથી શું? નીચે શા માટે બેસવું?

કમળા: (શેતરંજી ઉપર બેસતાં બેસતાં) તેં તો હમણાં ખૂબ ભરવા માંડયું છે ને કંઇ! આજે તો મેં વિચાર કર્યો કે લાવ, ઘણા દિવસ થયાં સવિતાને મળી નથી તે મળી આવું.

સવિતાઃ સારૂં કર્યું, આવી તે. સવારે તારા મકાન પાસેથી ગઇ હતી, પણ મારે ઉતાવળ હતી એટલે હું આવી નહિ.

કમળાઃ અરે, પણ બેચાર મિનિટે ના અવાય?

સવિતાઃ આવવાની તો હતી, પણ રસ્તામાં પેલી મંછી મળી, તેની જોડે વાતોમાં જરા મોડુ થઇ ગયું.

કમળાઃ કઇ મંછી? પેલી તરલાની કામ કરનારી કે?

સવિતાઃ હા. એજ.

કમળાઃ (હસીને) તુંય ખરી છું તો! એની જોડે તે વળી શી વાતો કરવાની હતી?

સવિતાઃ અરે, એ તો કોઈ દિવસ કામની છે. આજેજ તેણે એક નવાઇની ખબર આપી.

કમળાઃ એવી તે શી ખબર છે?

સવિતાઃ બેસ, પાણી બાણી તો પી. ઉતાવળ તો નથીને? પછી નિરાંતે કહું છું. તારે માટે પાણી લઇ આવું.

[સવિતા પાણીનો લોટો લેવા અંદર જાય છે. કમળા બેઠી બેઠી તેનું ભરત તપાસે છે. થોડી વારે સવિતા લોટો લઈ આવે છે.]

સવિતાઃ (પ્યાલામાં પાણી રેડી કમળાને આપતાં) વાત પણ નવાઇની છે અને પાછી તરલા વિષેજ છે.

કમળાઃ (પ્યાલામાંનું પાણી પી રહીને) એમ? એવું તે શું છે?

[સવિતા લોટો બાજુ ઉપર મૂકીને બેસે છે.]

સવિતાઃ મને તો એ મંછીએ વાત કરી. કહે છે આજે સવારે તરલા અને સુમનલાલ વચ્ચે ખૂબ બોલાચાલી થઈ હતી, અને પછી તરલાએ ગુસ્સામાં ને ગુસ્સામાં સુમનલાલને સાવરણી મારી અને કહ્યું કે તું તો એજ દાવનો છે, તારી તો ઝાડુથી પૂજા કરવી જોઇએ !

કમળાઃ (અજાયબીથી) હાય હાય ! શું કહે છે ?

સવિતાઃ તદ્દન ખરૂં ! મંછીએ આજે નજરોનજર જોયું અને સાંભળ્યું તે ખોટું ?

કમળાઃ અરેરે ! બાપડા સુમનલાલનો તે કંઇ અવતાર છે ? એ બિચારા અલ્લામીંયાની ગાય જેવા છે. અને આ તેમને માથે છાણાં થાપે તેવી નીકળી !

સવિતાઃ આમ તો તરલા ભણેલી ગણેલી છે. એટલે મેં તેને છેક આવી નહોતી ધારી.

કમળાઃ હું પણ એજ વિચાર કરૂં છું કે આવી સ્ત્રી જ્યારે પોતાના પતિને ઝાડુ મારે અને ન કહેવાના બોલ સંભળાવે, ત્યારે હવે બાકી શું રહ્યું ?

સવિતાઃ લે, વાતમાં ને વાતમાં મેં પાન બાનનોય ભાવ ન પૂછ્યો. પાન તો ખા.

[સવિતા ઉઠીને ટેબલ ઉપરથી પાનનો ડબ્બો લાવીને મૂકે છે, અને પાન બનાવવા માંડે છે.]

સવિતાઃ (પાન બનાવતાં બનાવતાં) પણ જોજે, કમળા. તરલાને કાને વાત ના જાય. નહિ તો બિચારી મંછીને કાઢી મૂકશે.

કમળાઃ (પાન મોંમાં મૂકતાં) ના, ના. એ ગરીબના પેટ ઉપર પગ મૂકીને આપણે શું કામ છે? હં, પણ સવિતા! તું પેલી રંગીન રેશમી આંટીઓ લાવી હતી તેનું પછી શું ભર્યું?

સવિતાઃ (હસીને) આપણે તો ગામ કરતાં જુદું જ કર્યું છે! કોઈ મચ્છરદાની ઉપર ફુલ ભરે છે? આપણે તો મચ્છરદાની ઉપર ફુલ ભર્યાં છે!

કમળાઃ એમ? સરસ દેખાય છે?

સવિતાઃ હા. દૂરથી તો એકદમ દીપી ઉઠે છે. આવને અંદર. મચ્છરદાની પલંગ ઉપર નાંખી છે તે કેવી દેખાય છે, તે જો તો ખરી.

[કમળા ઉઠીને સવિતાની પાછળ અંદર જાય છે. પડદો પડે છે.]

પ્રવેશ ૩ જો.

સ્થળઃ જાહેર રસ્તો.
સમયઃ સાંજનો.
પાત્રોઃ કમળા અને શાન્તા.

[કમળા દર્શન કરવા જતી હોય છે. સામેથી શાન્તા મળે છે એટલે વાત

કરવા ઉભી રહે છે.]

શાન્તાઃ કેમ કમળા! કયાં ચાલી?

કમળાઃ જરા દર્શન કરવા જઉં છું. ચાલ, આવવું છે?

શાન્તાઃ હમણાંજ દર્શન કરી આવી.

કમળાઃ ચાલને, ફરીથી. હમણાં પાછાં આવીએ છીએ.

શાન્તાઃ ના, ના, ભાઇશાબ, હવે તું એકલીજ જઇ આવને! મને પાછી કયાં દોઢ ગાઉ ચલાવે છે? હજી રેવાકાકીએ મને બોલાવી છે તે તેમને ત્યાં જવું છે.

કમળાઃ ઠીક ત્યાં, આવવું ના હોય તો જરા ઉભી તો રહે. થોડી વાર વાત કરીએ.

શાન્તાઃ આહા. તેની કોણ ના કહે છે? બોલ, કંઇ નવાજૂની કહે, તો હું પણ કંઇક નવીન ખબર સંભળાવું.

શાન્તાઃ હમણાંની હું તો કંઇ બહાર નીકળી નથી. એટલે મને કંઈ ખબર નથી. તું શું નવીન ખબર આપે છે તે તો કહે.

કમળાઃ ખબર તો નવી અને જાણવા જેવી આપું. પેલી તરલા ખરીને, એના પરાક્રમની વાત છે.

શાન્તાઃ એમ? એ છે તો ભણેલી ગણેલી, ને તેની તે શી વાત હોય?

કમળાઃ એજ ખૂબી છેને! વાત એમ બની કે તે અને સુમનલાલ કંઈ કારણસર ખૂબ ઝઘડયાં, પછી તો

તરલાબાઈ એકદમ છેડાઇ પડયાં. તેણે સુમનલાલને ન કહેવાય તેવા શબ્દો કહી તુંકારી નાંખ્યા, અને પછી તેમને સાવરણીએ સાવરણીએ ખૂબ ફટકાર્યા! સુમનલાલ તો બીચારા કેવા શાન્ત અને નમ્ર માણસ છે તે તો તું જાણે છે. એ બીચારા આ વાઘણ સામે શું કરી શકે?

શાન્તાઃ જા, જા હવે. તું તો વાતવાતમાં મશ્કરી જ કર્યા કરે છે.

કમળાઃ મશ્કરી નથી. તું તો ખરૂં નથી માનતી!

શાન્તાઃ કેવી રીતે માનું? આવું તે માન્યામાં આવે ખરૂં?

કમળાઃ મારા જીવના સમ! નજરે જોયેલી વાત ખોટી હોય?

શાન્તાઃ (હસીને) જો, હું નહોતી કહેતી કે તું મશ્કરીમાં ઉડાવે છે! હવે પકડાઇ ગઇ ને! નજરે જોયેલી કહે છે તે તારા દેખતાં તો એ આવી રીતે કદિ સુમનલાલને ફટકારેજ નહિ.

કમળાઃ મેં નજરે નહિ જોયેલી. આ તો ખાસ તેના ઘરના માણસ તરફથી વાત મળી. તે ખોટી?

શાન્તાઃ (જરા વિચાર કરીને) તેના જ ઘરનું માણસ! એના ઘરમાં તો એ બે જણ વિના બીજું કોઇ છે જ નહિ.

કમળાઃ એને ત્યાં કામ કરનારી પેલી મંછી છેને? તેણે વાત કરી. તેણે નજરોનજર જોયું અને સાંભળ્યું

તે ખોટું ? એ તો કહેતી હતી કે તરલા મારતી જાય અને કહેતી જાય કે "લેતો જા, તને તો આવી જ શિક્ષા થવી જોઇએ. તું એજ દાવનો છે!"

શાન્તાઃ ઓત્તારીની! ત્યારે તો ખોટું મનાય નહિ. ત્યારે તરલાબાઇએ ધીમે ધીમે પોત પ્રકાશવા માંડયું ખરૂં!

કમળાઃ હાસ્તો, જોને. ધણી ઉપર હાથ ઉગામે ત્યારે તો છેડો જ આવી ગયો ને!

શાન્તાઃ (હાથનો લ્હેંકો કરી) હવે તો નહિ થાય એટલું ઓછું! (જરા વાર રહીને) ઠીક ત્યારે, કમળા! હવે હું જઈશ. હજી તો રેવા કાકીને ત્યાં મારે જવું છે.

કમળાઃ રેવાકાકીએ કેમ તને બોલાવી છે?

શાન્તાઃ એ તો કંઇ ખબર નથી. મને તો પેલી સરલા બોલાવવા આવી હતી.

કમળાઃ એવું તે શું કામ છે? દર્શન કરીને પાછી જતાં જતાં હું પણ ત્યાં ડોકીઉં કરતી જઇશ. જઉં છું ત્યારે.

શાન્તાઃ વારૂ.

[બન્ને જણ સામસામી દિશામાં જાય છે. પડદો ઉપડે છે.]

પ્રવેશ ચોથો

સ્થળ: રેવાકાકીનું મકાન.

સમય: સાંજનો.

પાત્રો: રેવાકાકી, શાન્તા અને તરલાની બ્હેનપણી રમા.

[રેવાકાકી અને રમા વાતો કરતાં બેઠાં હોય છે. શાન્તા પ્રવેશે છે.]

શાન્તા: કેમ રેવાકાકી! શું કામ હતું? મને શા માટે બોલાવતાં હતાં? કેમ રમા! તું પણ અહીં જ છુંકે?

રમા: હા, આવને.

રેવાકાકી: આવ શાન્તા. બેન. [શાન્તા બેસે છે.] સરલા તારે ત્યાં કહેવા આવી હતી ખરૂં?

શાન્તા: હા. તેથી તો હું આવી. મેંકુ દર્શન કરી આવીને વળતાં રેવાકાદીને ત્યાં જતી આવું.

રેવાકાકી: ઠીક થયું આવી તે. મેં તો તને એ પૂછવા બોલાવી હતી કે આ કેવડા ત્રીજની રાત્રે તું જાગરણ કરવા અહીં મારે ત્યાં આવીશને?

શાન્તા: (જરા વાર વિચાર કરી) હા, અહિં આવવામાં મને શો વાંધો? પણ કોણ કોણ આવવાનું છે? બીજાં બધાં આવવાનાં છે?

રેવાકાકી: ઘણાં ખરાંને મેં કહેવડાવ્યું છે અને બધાં અહીંજ ભરાશે. તુંય બધાને કહેજે કે અહીં

આવે. જરા આનંદ પડશે. આ રમા તો આવવાની છેજ. તું પણ આવીશ. સરલા આવવાની છે. કમળા, સવિતા એ બધાંને પૂછી જોજેને!

શાન્તાઃ કમળા તો હમણાં જ ગઇ. મને ખબર હોત તો તેને અત્યારેજ પૂછી જોત.

રમાઃ એમ! ત્યારે એને અહીં બોલાવવી હતીને!

શાન્તાઃ એને દર્શન કરવા જવું હતું. ઘણું કરીને પાછી આવતાં અહીં આવશે ખરી. આવે તો તમે કહી દેજોને, કાકી.

રેવાકાકીઃ હા. કહીશ તો ખરી. પણ તુંય કહેજે એટલે આપણે અહીંજ બધાં ભેગાં થઇએ. બધાં જુદાં પડી જાય તેમાં કોઇનેય આનંદ ના આવે.

શાન્તાઃ બીજું શું શું લાવવાનું છે તે કહેજો, કાકી.

રેવાકાકીઃ તારે લાવવાનું શું હોય? અહીં મારૂં આખું ઘરજ છે ને! જોઇતું કરતું બધુંય તૈયાર છે. ચહા વગેરેનો સામાન તો હોયજ. દૂધ જરા વધારે લઇ રાખીશ.

શાન્તાઃ હું તેની વાત કરતી નથી. હું તો કહું છું કે કહો તો એકાદ સોગટાબાજી લેતી આવું.

રમાઃ ના ભાઇશાબ, એ સોગટાબાજીની તો હવે મને બહુજ ચીઢ ચઢે છે. આપણે કંઇ નવું નવું રમવાનું ખોળી કાઢીશું. હું તરલાને અહીં ખેંચી લાવીશ, એટલે એ કંઇ ને કંઇ નવું બતાવશે.

રેવાકાકીઃ હા, રમા. તરલાને તો જરૂર તેડી લાવજે.

એ હશે તો બધાને ગમ્મત પડશે.

શાન્તાઃ હા. એમને જરૂર તેડી લાવજો. (જરા વિચાર કરી) આજે તો તરલાનીજ એક નવાઇની વાત મળી છે.

રમાઃ (આતુરતાથી) તરલાની વાત ? એવી તે શી વાત છે ?

શાન્તાઃ કહું ને, રેવાકાકી ? વાંધા જેવું તો નથી ને?

રેવાકાકીઃ વાંધા જેવું તે શું હોય ? કહેને, તારે તો વાત મળી હોય તે કરવાની છે ને !

શાન્તાઃ વાત તો એવી છે રેવાકાકી, કે આજે સવારમાં જ તરલાને અને સુમનલાલને કંઇ ઝગડો થયો, તેમાંથી બન્ને જણ વચ્ચે ખૂબ બોલાચાલી થઈ. તેમાંથી વાત વધી પડી અને કહે છે કે તરલાએ સુમનલાલને તુંકારી નાંખ્યા અને પછી કહે છે કે ઓરડો વાસીને ઝાડુ હાથમાં આવ્યું એટલે તે લઇને તેમને ઝાડુએ ઝાડુએ ફટકાર્યા ! પેલો બિચારો ગરીબ ઓલીઆ જેવો આદમી ! તરલા આગળ તેનું શું ચાલે ? અડધા કલાકે તેને ઓરડામાંથી કાઢ્યો !

રેવાકાકી અને રમાઃ (આશ્ચર્યથી) એમ બનેજ નહિ !

શાન્તાઃ મેંય નહોતું માન્યું, પણ તદ્દન ખરી વાત છે.

રમાઃ તું કહે કે ના કહે, શાન્તા, પણ કંઈ ગપગોળા જેવું લાગે છે.

શાન્તાઃ પણ મેંજ પહેલાં તો ગપગોળો ધારેલો ને! બીજા કોઇએ કહ્યું હોત તો હું માનત પણ નહિ. પણ આ તો એમના ઘરની કામ કરનારી મંછીએ પોતે વાત કરી એટલે માન્યા વિના ચાલે ?

રમાઃ એમ? મંછીએ કહ્યું ?

શાન્તાઃ હા. પછી ખોટું હોય ? તેને ખોટું બોલવાની શી જરૂર ? તેણે જાતોજાત અને નજરેનજર આજે જોયું અને સાંભળ્યું. એ તો વળી કહેતી હતી કે તરલા ઝાડુ ફટકારતી જાય અને કહેતી જાય કે "લે, લેતો જા! તું તો એજ દાવનો છે! તને તો ઝાડુથી જ ફટકારવો જોઈએ!" વગેરે !

રમાઃ અજબ જેવું છે!

રેવાકાઠીઃ હોય પણ ખરૂં રમા. મંછીએ નજરે જોયું એટલે કંઇ ખોટી વાત હોય ? બહારથી તો બધાં ડાહ્યાં ડમરાં લાગે પણ અંદરથી કોણ જાણી ગેહું છે કે કેવાં છે? અરેરે ! બિચારા સુમનલાલના પણ ભોગ છેને! મેં તો ધારેલું કે છોકરી નરમ અને સુશીલ છે પણ આ તો માથાની ફરેલી નીકળી !

શાન્તાઃ હશે કાકી, કોઇ એવુંયે હોય. ત્યારે હવે હું જાઉં?

રેવાકાકીઃ હા બ્હેન, જા. તારે મોડું થશે. પણ ત્રીજની રાત્રે જરૂર આવજે હોં.

રમાઃ (ઉભી થતાં) ઉભી રહે શાન્તા. મારે પણ ઘેરજ જવું છે. હુંય આવું છું.

શાન્તા: (જતાં જતાં) જો, કમળા દર્શન કરીને ઘેર જતાં અહીં આવે તો તમે કહી દેજો. (ઠેઠ બારણાં સુધી જઈ) અમે જઇએ છીએ, કાકી.

રેવા કાકી: હા. બહેન, આવજો.

[બન્ને જણુ જાય છે. પડદો પડે છે.]

પ્રવેશ પાંચમો

સ્થળ: તરલાનું મકાન.

સમય: રાતનો.

પાત્રો: તરલા અને રમા.

[સીનેમા જોવા જવાનું હોવાથી તરલા કપડાં પહેરી તૈયાર થઇને પ્રવેશે છે, એટલામાં રમા આવે છે.]

રમા: કેમ તરલા ! કયાં જવાની તૈયારી કરવા માંડી ?

તરલા: (પાછું જોઈ) કોણુ રમા ? આવ, અત્યારે કયાંથી ?

રમા: આવી છું તો કામ માટે, પણ તેં કયાં જવા માંડયું છે ?

તરલા: અત્યારે અમારે સીનેમા જોવા જવાનું છે, તેથી હું તૈયાર થઇ છું.

રમા: સુમનલાલ કયાં ગયા ?

તરલા: એ ગાડી લેવા ગયા છે. ગાડી લાવે એટલે જઇએ. ચાલ તારે આવવું છે ?

રમાઃ ના. મેં ઘેર કહ્યું નથી એટલે નહિ આવું. પણ તરલા, તારે માટે આ વાત ઊડી છે તે ખરી છે?

તરલાઃ (ચમકીને) કઈ વાત ?

રમાઃ તું જાણુતીજ નથી ? આખા ગામમાં હોહો થઈ ગઇ છે ને !

તરલાઃ ના ભાઇ ! મને તો કાંઈજ ખબર નથી.

રમાઃ કહું ? ખોટું તો નહિ લાગેને !

તરલાઃ તારા ઉપર તે ખોટું લાગે ?

રમાઃ આખા ગામમાં તારીજ વાત થાય છે કે તરલાએ સુમનલાલને ઓરડામાં પૂરીને ઝાડુ વડે ખુબ ફટકાર્યા !

તરલાઃ એ...એમ ? ગોળો તો કોઇએ આબાદ ગબડાવ્યો છે. પણ એમ મારવાનું કંઇ કારણ ?

રમાઃ કહે છે કે ધણી ધણીઆણી વચ્ચે કંઈ બોલાચાલી થઈ હશે તેમાંથી ખુબ ઝગડો થયો અને પછી તેં સુમનલાલને ઓરડામાં પૂરીને અચ્છી તરેહથી ઝાડુપાક આપ્યો.

[બન્ને જણ ખડખડાટ હસે છે.]

તરલાઃ હશે કોઇ દાઝે બળેલું ! ને નવરા બેઠાં બેઠાં આવા તુક્કા ઉઠાવતું હશે ! પણ તેં ખરૂ કેમ માન્યું ?

રમાઃ મેં માન્યુંજ નહિ. એટલે તો તારી પાસે આવી. પણ કહે છે કે આ તો આજ સવારનોજ બનાવ છે. અને મંછીએ જાતેજ તને સુમનલાલને ઝાડુ મારતાં

જોએલી ! એટલે મેં વિચાર કર્યો કે તને પૂછું તો ખરી !

તરલા: આજ સવારની વાત ? મંછીએ મને જોએલી ?

રમા: હા. પણ તું કહેતી પણ હતી કે 'લે લેતો જા તારી તો ઝાડુથીજ પૂજા કરવી જોઇએ. તું તો એજ દાવનોજ છે વગેરે !

તરલા: (જરા વાર વિચાર કરી જોઈ) હં....હં.... હવે કંઇક યાદ આવે છે ખરૂં, રમા (હસીને) સવારે તો એવું બન્યું હતું કે હું દાદરો વાળતી હતી અને છેક ઉપરને પગથીએ એક વંદો હતો તેને સાવરણીથી ઝાપટવાનો પ્રયાન કરૂં પણ એ દાદરાના પગથીઆને ખુણે ખોચરે પેસી જાય ! આમ થોડીવાર અમારી હરિફાઈ ચાલી, પછી વંદો પગથીઆની કિનારી ઉપર આવ્યો એટલે મે "લે, લેતો જા. તું તો એજ દાવનો છે" કહીને સાવરણીથી તેને ઝાપટ મારી. પણ સાવરણી હાથમાંથી છટકીને દાદરા પાસે નીચે એ ઉભા હતા તેમના પગ આગળ પડી ! તે વખતે મંછી વાસણો લઇને બાજુના ઓરડામાંથી જતી હતી, એટલે હવે બધી વાત બેઠી ખરી !

રમા: પણ આ ઓરડામાં પૂરી રાખ્યા અને ફટકાર્યા ને એ બન્યું કેવી રીતે ?

તરલા: (હસીને) એક મોઢેથી બીજે મોઢે વાત જાય એટલે થોડું મીઠું મરચું તો ભભરાવાય જ ! આ વાત અનેક મોઢે ફરી હોય તેમ લાગે છે !

રમા: એમ ત્યારે. વાતમાં કંઇ માલ નથી. મેં


તો ધાર્યું કે આ તરલાએ વળી આવી મજેતી ક્યારની કરવા માંડી ?

[બન્ને જણ ખડખડાટ હસે છે]

રમાઃ વારૂ ત્યારે તરલા. હું જાઉં છું.

તરલાઃ ચાલ, હું પણ આવું છું. બહાર ગાડી આવી હોય તેમ લાગે છે.

[બન્ને જણ જાય છે.]



રસીલી સાહસ કથાઓ



બ્રહ્માંડનો ભેદ—૧ ચીનની મુસાફરી

આ પુસ્તકમાં ડાક્ટર પ્રતાપરાય અને તેના સાથીત બહાદુરસિંહ ગુપ્ત રીતે ચીની વેશ ધારણ કરીને તિબેટના એક ગુપ્ત જ્ઞાનમઠમાં જાય છે અને ભયાનક સંકટો અને જોખમ વચ્ચે થઇને તેઓ અદ્ભુત જ્ઞાનનું એક પુસ્તક ચોરી લાવે છે. તેનો હેવાલ બહુજ રસિક અને પ્રેરક છે. કિં. રૂા. ૩-૮-૦

બ્રહ્માંડનો ભેદ—૨ પારસમણિની શોધ

આમાં એજ ડાક્ટર પ્રતાપરાય અને બહાદુરસિંહ આફ્રિકાના રણપ્રદેશમાં મુસાફરી કરે છે અને પારસદ્રવ્યની એક ખાણમાં ઉતરે છે તેમને પારસનો પરિચય થાય છે અને કેટલું કેટલું હાથ આવે છે તે તો પુસ્તક વાંચ્યાથીજ સમજાય. કિ. ૨-૦-૦

બ્રહ્માંડનો ભેદ—૩ મોતની મુસાફરી

આમાં ડા. પ્રતાપરાયને બદલે આખી પૃથ્વી એક મોતના સમુદ્રમાં થઇ પ્રવાસ કરે છે તે વખતે પ્રાણી માત્રનો નાશ થાય છે. વળી તે બધાં પાછાં સજીવન કેવી રીતે થાય છે તે હેવાલ અત્યંત રસિક છે. કિં. રૂા. ૧-૦-૦.

બ્રહ્માંડનો ભેદ—૪ ઐરાવતની આરાધના

આમાં ડા. પ્રતાપરાય અને બહાદુરસિંહ સાત સૂંઢના હાથીને મહાત કરવા આફ્રિકા ઉપડે છે.....

ખંડ ૧લો કિં. રૂા. ૧-૧૨-૦

સ્ત્રીશક્તિ ગ્રંથમાળા

	રૂ. આ.
૧ કરાનસીંગ સવિતા	૦-૪
૨ કાકી ,,	૦-૩
૩ સ્ત્રીઓ અને કાયદો (દરેક સ્ત્રી વાંચે)	૦-૩
૪ અર્ધાંગના (વાર્તા)	૦-૪
૫ ઑર્ડરી (ગૃહવ્યવસ્થા)	૦-૬
૬ ખાયણાં (લોકગીત)	૦-૫
૭ બલિદાન (પ્રેરક વાતો)	૦-૫
૮ [illegible]	૦-૬
૯ બા (વાર્તા)	૦-૬
૧૦ [illegible]ના પત્રો	૦-૬
૧૧ પતિની [illegible]	૦-
૧૨ લીલીની આત્મકથા	૦-૩
૧૩ [illegible]	૦-૪
૧૪ [illegible]	૦-૬
૧૫ [illegible] (વાર્તા)	૦-[illegible]
૧૬ [illegible] (વાર્તા)	૧-૪
૧૭ [illegible]	૦-૮
૧૮ હાસ્ય ફુવારો	૦-૮
૧૯ ભૂતના ભડકા (વાર્તા)	૧-૧૨
૨૦ [illegible] ,,	૧-[illegible]
૨૧ હાસ્ય કલાપ (રમુજી)	૧-૮
૨૨ દેવી [illegible]	૧-૮

	રૂ. આ.
૨૩ કાળું ગુલાબ	૧-
૨૪ હાસ્ય ઝરણાં (રમુજી)	૧-
૨૫ હાય આરામ	૧-
૨૬ ગરબાવળિ (રાષ્ટ્રીય)	૦-
૨૭ જીવનપલટો (વાર્તા)	૦-
૨૮ સુખી ઘર (બોધક)	[illegible]
૨૯ ભરત ગુંથણ	૦-૧
૩૦ ચોર્યાસીનું ચક્કર	૦-[illegible]
૩૧ રઝીયા બેગમ	૦-૩
૩૨ ગૃહવિવેક	૦-૬
૩૩ સખીના પત્રો	૦-૮
૩૪ [illegible]નું શાસ્ત્ર	૦-૩
૩૫ સ્ત્રી હૃદય	૦-૩
૩૬ માતૃપ્રેમ	૦-૪
૩૭ પારસી લગ્ન ગીતો	૦-૬
૩૮ સંતતિ નિયમન	૦-૮
૩૯ [illegible] પતિ	૦-૩
૪૦ આરોગ્ય અને સુખ	૦-૬
૪૧ સામાજિક વાતો	૦-૫
૪૨ રમુજી વાતો	૦-૬
૪૩ [illegible] ભાભી	૦-૧
૪૪ [illegible]	૦-૧
[illegible]	[illegible]

સ્ત્રી સાહિત્ય મંદિર, સુરત